તારીખ:૬ જુલાઈ, ૨૦૧૫

આદરણીય શ્રી,

આપણો નવતર પ્રયોગ આપણા વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (આઈ.આઈ.એમ) અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી) દ્વારા જૂથ-ચર્ચાની શરૂઆત કરેલ છે. નવીનીકરણ દ્વારા શિક્ષણની વ્યવસ્થા સુધારવા માટે શિક્ષકોની અને શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી) ની સહભાગિતા કઈ રીતે વધુ મજબૂત બનાવવી તે સંદર્ભમાં આપના મંતવ્યો જાણવાની શરૂઆત કરેલ છે. આપના મંતવ્યો જાણી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ માહિતી ટીચર્સ એઝ ટ્રાન્સફોર્મરની વેબસાઈટ (http://www.teachersastransformers.org/)પર મુકવામાં આવે છે.

આ જૂથ ચર્ચામાં આપની સક્રિય સહભાગિતા બદલ આપનો આભાર વ્યક્ત કરવામાં આવે છે. આપને તારીખ ૨૫ જુન, ૨૦૧૫ ના રોજ પૂછવામાં આવેલ પ્રશ્ન અને તે સંદર્ભમાં આપે જે મંતવ્યો રજુ કર્યા તેના ૧૫ પોઈન્ટ થતા આ પત્ર મોકલવામાં આવે છે. આ સાથે આપના દ્વારા આપવામાં આવેલ ઉત્તરના તારણ આ પત્ર સાથે જોડેલ બીડાણમાં છે.

આશા છે કેઆપ આ જૂથ ચર્ચામાં સક્રિય ભાગીદારી ચાલુ રાખશો અને આપના અમુલ્ય અભિપ્રાયઅને મંતવ્યો આપતા રહેશો.

આભાર સહ,



અવિનાશ ભંડારી (પ્રોજેક્ટ મેનેજર, એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક)

**પ્રશ્ન: આપની શાળાના એસ.એમ.સી. સભ્યોએ શાળાના શિક્ષકોને કન્યા શિક્ષણ માટે પ્રોત્સાહન આપવા જેવી નવીન પ્રવૃતિમાં મદદ કરેલ છે? કઈ રીતે?**

**તારણ: મોટા ભાગના એસ.એમ.સી. સભ્યો કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રવૃતિઓ કરે છે જે નીચે મુજબ છે:**

- શાળાની ધોરણ ૮ માંથી ૯ માં પ્રવેશ લેતી કન્યાઓને અભ્યાસ માટે બાજુ ના ગામમાં જવું પડે છે જે માટે કોઈ વાહનની સુવિધા નહોતી. એસ.એમ.સી. સભ્યોના સહકારથી એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી અને આજે વિદ્યાર્થીનીઓ કોઈ અગવડ વિના ઉચ્ચ અભ્યાસ કરે છે.
- કન્યા શિક્ષણ માટે સભ્યો એન.જી.ઓ.ના સહકાર અને શિક્ષિત વાલીઓની મદદ દ્વારા ગામમાં યાદી મુજબ ઘરની મુલાકાત લઈને કન્યાઓના ઉચ્ચ અભ્યાસ માટે વાલીઓને સમજાવે છે.આ ઉપરાંત શાળામાં અભ્યાસ કરી ચૂકેલ વિદ્યાર્થીઓને પણ આગળના અભ્યાસ માટે પણશિક્ષક દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- સભ્યો કન્યા શિક્ષણ જાગૃતિફિલ્મ બતાવે છે તદ્દુપરાંત પ્રદર્શન, મહિલા જાગૃતિ શિબિરનું આયોજન, કન્યા શિક્ષણના મુદ્દા પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.
- એકશાળામાં શિક્ષિકા બહેનોએ ગામમાં અભ્યાસ કરતી દરેક કુમારીકાઓને એક લેટર આપ્યો જેમાં શિક્ષણ અંગેનાં ફાયદા અને સરકાર તરફથી કન્યાઓને અપાતી સહાય વિષે વાકેફ કર્યા જેથી વિદ્યાર્થીનીઓ શાળાએ આવવા પ્રેરાય અને ચાલુ વર્ષે ગામની તમામ પાંચ વરસની કન્યાઓને ૧૦૦% પ્રવેશ આપવામાં સફળતા મળી છે.એનું પરિણામ છે કે આજે તેમની શાળામાં કુમાર કરતા કન્યાઓની સંખ્યા વધારે છે.આ તમામ પ્રવૃતિમાં એસ.એમ.સી. સભ્યોનો સહકાર હંમેશા રહ્યો છે.
- સભ્યો દ્વારા કન્યા કેળવણીનું નાટક ભજવીગામમાં કન્યા શિક્ષણ અંગે તેઓ જાગૃતિ લાવવાના પ્રયત્નો કરે છે.